**અગ્રતા ક્રમ:** | **૨૩**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** *૧૫/૪/૧૧૯૪

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૧૨/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: "ડાંગ જિલ્લામાં ચાલતી સીઝનલ હોસ્ટેલોમાં થતી ગેરરીતિઓની ફરિયાદ"**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર: શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**

**ડાંગ જિલ્લામાં ચાલતી સિઝનલ હોસ્ટેલોમાં થતી ગેરરીતિઓની ફરિયાદ.**

* 15/4/1194 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૭/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૧૮૦ (અગ્રતા–૧૦૩) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડાંગ જિલ્લામાં કાર્યરત સિઝનલ હોસ્ટેલોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ બાબતે ત્રણ ફરિયાદો અન્વયે સમગ્ર શિક્ષા દ્વારા તપાસ કમિટી નીમી તપાસ સોંપવામાં આવેલ તે તપાસ ક્યારે, કોને, કેટલા સમયમાં અહેવાલ સુપ્રત કરવાની શરતે સોંપવામાં આવેલ, | (૧) રાજ્ય સરકારને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડાંગ જિલ્લામાં કાર્યરત સિઝનલ હોસ્ટેલોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ બાબતે ત્રણ ફરિયાદો અન્વયે સમગ્ર શિક્ષા દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડાંગને તા.૦૨.૦૩.૨૦૨૩ના રોજ તપાસ સોંપવામાં આવેલ. |
| (૨) તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે અહેવાલ મળેલ છે, અને | (૨) તે અન્વયે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડાંગનો તા.૦૪.૦૫.૨૦૨૩ ની સ્થિતિએ અહેવાલ મળેલ છે. |
| (૩) મળેલ અહેવાલ અન્વયે કેટલા ભૂતિયા વિદ્યાર્થીઓ ક્યારથી હોવાનું સામે આવ્યું અને તે સબબ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા? | (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગના તા.૦૪.૦૫.૨૦૨૩ના અહેવાલ મુજબ અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલ આક્ષેપો પાયાવિહોણા હોઈ, જે હકીકતલક્ષી વિગતો અન્વયે પ્રકરણ દફ્તરે કરેલ છે. |

---

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૯૪**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર)**

---

**પ્રશ્નઃ-(૧) સીઝનલ હોસ્ટેલ યોજના શું છે? અને સીઝનલ હોસ્ટેલ કેટલા સમયગાળા માટે ચલાવવામાં આવે છે? અને તેનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે? આ હોસ્ટેલોનું મોનીટરીગ કોના –કોના દ્વારા કરવામાં આવેલ** ?

જવાબ : **સીઝનલ હોસ્ટેલ :**

- રાજયની અંદર રોજી રોટી માટે વાલીઓ સાથે સ્થળાંતર કરતાં ૬ થી ૧૮ વર્ષની વયજુથના બાળકોને મૂળ ગામમાં જ નિવાસી વ્યવસ્થા સાથે શિક્ષણની સુવિધા સીઝનલ હોસ્ટેલમાં આપવામાં આવે છે. જેમાં બાળકોને રહેવા–જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ યોજનાનો હેતુ સ્થળાંતરના સમયગાળા દરમ્યાન બાળકોને મુળ ગામમાં રોકીને શિક્ષણ આપવુ.
- સીઝનલ હોસ્ટેલ સ્થાળાંતરના સમયગાળા (૬ થી ૮ માસ) દરમ્યાન ચલાવવામાં આવે છે.

સીઝનલ હોસ્ટેલ સ્થળાંતરના સમયગાળા દરમિયાન ઓકટોબર થી એપ્રિલ માસ દરમ્યાન ચલાવવામાં આવે છે. જેનું સંચાલન શાળા વ્યવસ્થાપન સમિતી (એસ.એમ.સી) / શાળા વ્યવસ્થાપન અને વિકાસ સમિતી(એસ.એમ.ડી.સી) દ્વારા કરવામાં આવે છે. આ હોસ્ટેલોનું સીઆરસી, બીઆરસી, જિલ્લા કક્ષાએથી મોનીટરીગ કરવામાં આવે છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૧૯૪**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અરવિંદભાઇ પટેલ (ધરમપુર)**

---

**પ્રશ્ન:** **સીઝનલ હોસ્ટેલ યોજના કયા કયા જિલ્લામાં કાર્યરત છે? વર્ષ ૨૦૨૩-૨૪ માં કેટલા બાળકોને આ જિલ્લાઓમાં આવરી લીધેલ છે?**

**જવાબ :** સીઝનલ હોસ્ટેલ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં કાર્યરત છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૫૫૧૬ બાળકોને આ જિલ્લાઓમાં આવરી લીધેલ છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **આવરી લીધેલ બાળકોની સંખ્યા** | | |
|---|---|---|---|---|
| | | **કુમાર** | **કન્યા** | **કુલ** |
| ૧ | અમદાવાદ | ૧૧૧ | ૮૯ | ૨૦૦ |
| ૨ | અમરેલી | ૮૭ | ૭૫ | ૧૬૨ |
| ૩ | બનાસકાંઠા | ૧૩૦ | ૫૦ | ૧૮૦ |
| ૪ | ભાવનગર | ૪૦ | ૨૧ | ૬૧ |
| ૫ | છોટા ઉદેપુર | ૫૨૫ | ૨૬૦ | ૭૮૫ |
| ૬ | દાહોદ | ૧૧૯૮ | ૯૫૪ | ૨૧૫૨ |
| ૭ | ડાંગ | ૧૭૪૬ | ૧૪૨૩ | ૩૧૬૯ |
| ૮ | કચ્છ | ૨૭૮ | ૨૦૦ | ૪૭૮ |
| ૯ | મહીસાગર | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| ૧૦ | મોરબી | ૫૦ | ૫૦ | ૧૦૦ |
| ૧૧ | નર્મદા | ૫૧૭ | ૫૩૦ | ૧૦૪૭ |
| ૧૨ | નવસારી | ૮૭ | ૫૦ | ૧૩૭ |
| ૧૩ | પંચમહાલ | ૫૭૮ | ૫૦૦ | ૧૦૭૮ |
| ૧૪ | પાટણ | ૨૦૦ | ૧૬૭ | ૩૬૭ |
| ૧૫ | સાબરકાંઠા | ૬૨૩ | ૬૨૮ | ૧૨૫૧ |
| ૧૬ | સુરત | ૨૦૫ | ૨૦૦ | ૪૦૫ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ૨૮૨ | ૧૯૨ | ૪૭૪ |
| ૧૮ | તાપી | ૧૦૨૫ | ૯૬૫ | ૧૯૯૦ |
| ૧૯ | વલસાડ | ૭૨૫ | ૬૫૫ | ૧૩૮૦ |
| Total | | **૮૪૫૭** | **૭૦૫૯** | **૧૫૫૧૬** |

# પૂરક માહિતી

**પ્રસ્તાવના:**

રાઈટ ટુ એજ્યુકેશન, એક્ટ–૨૦૦૯, પ્રકરણ–૩ના મુદ્દા નંબર–૯ના પેટા મુદ્દા નંબર(કે) મુજબ સ્થળાંતર કરતા બાળકોને નામાંકન અને શિક્ષણ મળવું જરૂરી છે. સ્થાળાંતર કરતા વાલીઓના બાળકોને સ્થળાંતરના સમયગાળા દરમ્યાન મુળ ગામમાં જ રોકી રાખી સીઝનલ હોસ્ટેલનું આયોજન કરવા સુચવેલ છે.

## સીઝનલ હોસ્ટેલ યોજના:

- સીઝનલ હોસ્ટેલ યોજનામાં ૬૦% કેન્દ્ર સરકાર અને ૪૦% રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે
- રાજયની અંદર રોજીરોટી માટે વાલીઓ સાથે સ્થાળાંતર કરતાં ૬ થી ૧૮ વયજુથના શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે છે.
- મોસમી સ્થળાંતરના સમયગાળા દરમ્યાન (૬–૮ માસ)
- આ યોજનાનો હેતુ સ્થળાંતરના સમયગાળા દરમ્યાન બાળકોને મુળ ગામમાં રોકીને શિક્ષણ આપવુ.

## સંચાલન

- આ યોજનાનું સમગ્ર સંચાલન શાળા વ્યવસ્થાપન સમિતી (એસ.એમ.સી)/ શાળા વ્યવસ્થાપન અને વિકાસ સમિતી(એસ.એમ.ડી.સી) દ્વારા કરવામાં આવે છે.

❖ સીઝનલ હોસ્ટેલ મુળ ગામમાં અને શાળામાં જ ચલાવવામાં આવે છે.

❖ હોસ્ટેલના એક યુનિટમાં મહત્તમ ૨૫ બાળકો હોય છે.

❖ મૂળ ગામમાં જ શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સીઝનલ હોસ્ટેલમાં બાળકોનુ શિક્ષણ ચાલુ રાખવામાં આવે છે.

**<u>આપવામાં આવતી સુવિધાઓ</u>**

- ❖ રહેવાની સુવિધા આપવામાં આવે છે.
- ❖ નાસ્તો અને જમવાની સુવિધા આપવામાં આવે છે.
- ❖ બાળકોને બાળમિત્ર દ્વારા શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવે છે.
- ❖ જરૂરિયાત મુજબ પ્રાથમિક સારવાર આપવામાં આવે છે.
- ❖ જીવન કૌશલ્યની તાલીમ આપવામાં આવે છે.
- ❖ પ્રાથમિક સારવાર આપવામાં આવે છે.

**<u>નાણાકીય જોગવાઈ :</u>**

(૧) કેન્દ્ર સરકારના બજેટમાં વર્ષ ૨૦૨૩ –૨૪ માં બાળકદીઠ રૂ.૧૫,૦૦૦/– (નવ માસ) માટે એમ કુલ–૨૧૨૧૪ બાળકો માટે રૂ. ૩૧૮૨.૧૦ લાખ બજેટ મંજૂર થયેલ છે.

(૨) રાજય સરકારના બજેટમાં વર્ષ ૨૦૨૩ –૨૪ માં બાળકદીઠ રૂ.૪૧ ,૦૦૦/– (૧૨ માસ) માટે એમ કુલ–૨૫૦૦ બાળકો માટે રૂ. ૧૦૨૫.૦૦ લાખ બજેટ મંજૂર થયેલ છે.

**પ્રશ્ન :** **સીઝનલ હોસ્ટેલ ડાંગ જિલ્લાના કયા તાલુકામાં કાર્યરત છે? ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા બાળકોને લાભ આપવામાં આવ્યો છે?**

**જવાબ :** સીઝનલ હોસ્ટેલ ડાંગ જિલ્લાના આહવા, સુબીર, વઘઈમાં કાર્યરત છે. સીઝનલ હોસ્ટેલમાં ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર લાભ લીધેલ બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| **તાલુકો** | **૨૦૨૧–૨૨** | | **૨૦૨૨–૨૩** | | **૨૦૨૩–૨૪** | |
|---|---|---|---|---|---|---|
| | **હોસ્ટેલોની સંખ્યા** | **બાળકોની સંખ્યા** | **હોસ્ટેલોની સંખ્યા** | **બાળકોની સંખ્યા** | **હોસ્ટેલોની સંખ્યા** | **બાળકોની સંખ્યા** |
| આહવા | ૨૬ | ૧૧૭૭ | ૪૧ | ૨૧૪૬ | ૨૬ | ૧૧૬૨ |
| સુબીર | ૧૬ | ૯૧૬ | ૪૯ | ૨૫૧૬ | ૩૦ | ૧૩૫૦ |
| વઘઈ | ૧૫ | ૬૨૦ | ૩૩ | ૧૩૬૧ | ૧૭ | ૬૫૨ |
| **કુલ** | **૫૭** | **૨૭૧૩** | **૧૨૩** | **૬૦૨૩** | **૭૩** | **૩૧૬૪** |

**પ્રશ્ન :** **સીઝનલ હોસ્ટેલમાં ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? બાળક દીઠ કેટલી નાણાંકીય જોગવાઈ છે?**

જવાબ : **સીઝનલ હોસ્ટેલમાં ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.**

| **વર્ષ** | **થયેલ ખર્ચ રૂ. (લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૧.૮૫ |
| ૨૦૨૧-૨૨ | ૨૬૩.૮૭ |
| ૨૦૨૨-૨૩ | ૫૬૦.૯૬ |

**નાણાકીય જોગવાઈ :**

(૧) કેન્દ્ર સરકારના બજેટમાં વર્ષ ૨૦૨૩ -૨૪ માં બાળકદીઠ રૂ.૧૫,૦૦૦/- (નવ માસ) માટે એમ કુલ-૨૧૨૧૪ બાળકો માટે રૂ. ૩૧૮૨.૧૦ લાખ બજેટ મંજૂર થયેલ છે.

(૨) રાજ્ય સરકારના બજેટમાં વર્ષ ૨૦૨૩ -૨૪ માં બાળકદીઠ રૂ.૪૧ ,૦૦૦/- (૧૨ માસ) માટે એમ કુલ-૨૫૦૦ બાળકો માટે રૂ. ૧૦૨૫.૦૦ લાખ બજેટ મંજૂર થયેલ છે.

**પ્રશ્ન : રાજયની અંદર મોસમી સ્થળાંતર કરતાં વાલીઓના બાળકો માટે રાજય સરકારની અન્ય કોઈ યોજના છે?**

જવાબ : રાજયની અંદર મોસમી સ્થળાંતર કરતાં વાલીઓના બાળકો માટે રાજય સરકારના બજેટમાંથી પાકા બાંધકામવાળી હોસ્ટેલો તૈયાર કરવામાં આવેલ છે. આ હોસ્ટેલો ૫૦ બાળકોની રહેવા–જમવાની વ્યવસ્થા ધરાવે છે. જેમાં કુમાર અને કન્યાઓ માટે અલગ ડોરમેટ્રી, ભોજન માટે ડાયનિંગ એરિયા, અભ્યાસ માટે રૂમ, વોશિંગ એરિયા વગેરે સુવિધા છે.

**પ્રશ્ન : ડાંગ જિલ્લામાં રાજય સરકારના બજેટમાંથી પાકા બાંધકામવાળી કેટલી હોસ્ટેલો છે? તેમાં ચાલુ વર્ષમાં કેટલા બાળકોનો સમાવેશ કરવામાં આવેલ છે?**

જવાબ : ડાંગ જિલ્લામાં રાજય સરકારના બજેટમાંથી પાકા બાંધકામવાળી સાત હોસ્ટેલો છે. આ સાત હોસ્ટેલોમાં ચાલુ વર્ષમાં ૩૫૦ બાળકોનો સમાવેશ કરવામાં આવેલ છે.